૨૩

રાજયમાં બનેલ એન્કાઉન્ટરના કેસોની તપાસ માટે રાજય સરકાર દ્વારા રચવામાં આવેલ મોનીટરીંગ ઓથોરીટી તેમજ STF બાબત.

૯૨:૦૨
OFFICE OF THE D.G.& I.G.P.
G.S. GANDHINAGAR
INWARD NO. ૫૫૯૯
DATE 1 - JUN 2018
BRANCH ઉ.૧

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
હુકમ ક્રમાંક:-વિ.-૧/કઅવ/૧૦૨૦૧૦/૧૧૯૯૬
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧/૦૫/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકાર, ગૃહ વિભાગના નોટીફિકેશન તા.૧૬/૦૯/૨૦૧૦ ક્રમાંક:-વિ.-૧/કઅવ/૧૦૨૦૧૦/૧૧૯૯૬

(૨) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ઠરાવ તા.૨૩/૦૨/૨૦૧૨ ક્રમાંક:-SB-I/KAV/10/2010/11996/Part-I

(૩) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ઠરાવ તા.૧૩/03/૨૦૧૨ ક્રમાંક:-SB-I/KAV/102009/16156

ઠરાવ:-

રાજયમાં બનેલ પોલીસ એન્કાઉન્ટરના બનાવોની તપાસ માટે રાજય સરકાર દ્વારા ગૃહ વિભાગની તા.૧૬/૦૯/૨૦૧૦ની અધિસૂચનાથી મોનિટરીંગ ઓથોરીટી અને એસ.ટી.એફ.ની રચના કરવામાં આવેલ હતી. ગૃહ વિભાગના તા.૨૩/૦૨/૨૦૧૨ના ઠરાવથી મોનિટરીંગ ઓથોરીટીના ચેરમેન તરીકે મુંબઇ હાઇકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટીસ શ્રી કે.આર.વ્યાસની નિમણૂંક કરવામાં આવેલ. ત્યારબાદ નામદાર સુપ્રિમકોર્ટ ઑફ ઇન્ડિયામાં દાખલ થયેલ રીટ પીટીશન(ક્રિમીનલ) નં.-૩૧/૨૦૦૭ અને ૮૩/૨૦૦૭માં નામદાર સુપ્રિમ કોર્ટના તા.૦૨/03/૨૦૧૨ના આદેશ મુજબ એનકાઉન્ટરના કેસોની તપાસ કરવા માટે ગૃહ વિભાગના તા.૧૩/03/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક:-એસબી-૧/કઅવ/૧૦૨૦૦૯/૧૬૧૫૬થી સુપ્રિમ કોર્ટના નિવૃત્ત જસ્ટીસશ્રી એચ.એસ.બેદીના અધ્યક્ષપદે Monitoring Authority ની રચના કરવામાં આવેલ.

મોનિટરીંગ ઓથોરીટીના ચેરમેન જસ્ટીસ કે.આર.વ્યાસની મુદ્દત તા.૨૩/૦૨/૨૦૧૭ના રોજ પૂર્ણ થતાં તેઓની મુદ્દત વધારવામાં આવેલ નથી કે કોઇ નવી નિમણૂંક કરવામાં આવેલ ન હતી. વધુમાં, નિવૃત્ત જસ્ટીસ એચ.એસ.બેદીના અધ્યક્ષપદે રચવામાં આવેલ મોનિટરીંગ ઓથોરીટીને

TRUE COPY
Dy. Supdt. of Police
Prevention of Atrocities on SC/ST &
Weaker Section.
Gujarat State, Gandhinagar.

નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ સુપ્રત કરવામાં આવેલ તમામ એન્કાઉન્ટર કેસોમાં તપાસ કાર્યવાહી પૂર્ણ કરી જસ્ટીસ શ્રી બેદીએ તા.૨૬/૦૨/૨૦૧૮ના રોજ તેમનો તપાસ અહેવાલ સુપ્રિમકોર્ટને સુપ્રત કરેલ છે. આ તપાસ અહેવાલ સંબંધમાં નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા જે કોઇ નિર્ણય/હુકમ કરવામાં આવે તે પ્રમાણે આ એન્કાઉન્ટર કેસો સંબંધમાં આગળની કાર્યવાહી કરવાની રહેશે. મોનિટરીંગ ઓથોરીટીના અધ્યક્ષ જસ્ટીસ એચ.એસ.બેદીની નિમણૂકની મુદત તા.૧૩/૦૩/૨૦૧૮ના રોજ પૂર્ણ થયેલ છે.

ગૃહ વિભાગની તા.૧૬/૦૯/૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક:-SB/1/KAB/10/2010/11996 થી રચવામાં આવેલ એસ.ટી.એફ. તેમજ સુપ્રિમકોર્ટના નિવૃત્ત જસ્ટીસ શ્રી એચ.એસ.બેદી અને નિવૃત્ત ચીફ જસ્ટીસશ્રી કે.આર.વ્યાસના અધ્યક્ષપદે રચવામાં આવેલ Monitoring Authority અંગે નીચે પ્રમાણેની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે:-

(૧) જસ્ટીસશ્રી બેદીની નિમણૂંકની મુદત તા.૧૩/૦૩/૨૦૧૮(ક.સ.બાદ)ના રોજ પૂર્ણ થયેલ છે. આથી જસ્ટીસશ્રી એચ.એસ.બેદીના અધ્યક્ષપદે રચાયેલ Monitoring Authority ને તા.૩૦/૦૪/૨૦૧૮ની અસરથી બંધ કરવામાં આવે છે.

(૨) નિવૃત્ત ચીફ જસ્ટીસ શ્રી કે.આર.વ્યાસની મુદત તા.૨૩/૦૩/૨૦૧૭ના રોજ પૂર્ણ થતા મુદત વધારવામાં આવેલ ન હતી કે કોઇ નવી નિમણૂંક કરવામાં આવેલ ન હતી. ગૃહ વિભાગની તા.૧૬/૦૯/૨૦૧૦ની અધિસુચના અન્વયે રચાયેલ Monitoring Authority પાસે હવે આ તબક્કે કોઇ બાકી કામગીરી નથી, આ સંજોગોમાં Monitoring Authorityને તા.૩૦/૦૪/૨૦૧૮(ક.સ.બાદ)ની અસરથી બંધ કરવામાં આવે.છે.

(૩) ગૃહ વિભાગની તા.૧૬/૦૯/૨૦૧૦ની અધિસુચના અન્વયે એન્કાઉન્ટરના કેસોની તપાસ માટે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીના સીધા નિયંત્રણ અને સુપરવીઝન હેઠળ એસ.ટી.એફ.ની રચના કરવામાં આવેલ છે. આ એક કાયમી વ્યવસ્થા છે. જે બાબત લક્ષમાં લેતા એસ.ટી.એફ. યથાવત રાખવામાં આવે છે.

TRUE COPY

(૪) જસ્ટીસશ્રી બેદીના અધ્યક્ષપદે રચાયેલ Monitoring Authority દ્વારા એસ.ટી.એફ.ને એન્કાઉન્ટરના કેસોની તપાસ સોંપવામાં આવેલ હતી. આ તપાસ કરનાર અધિકારી/કર્મચારીઓએ

Dy. Supdt. of Police
Prevention of Atrocities on SC/ST &
Weaker Section,
Gujarat State, Gandhinagar.

TRUE COPY

Dy. Supdt. of Police
Prevention of Atrocities on SC/ST &
Weaker Section,
Gujarat State, Gandhinagar.

પોતાની મૂળ કામગીરી ઉપરાંત વધારાની કામગીરી કરવાની હોઇ તેઓને ગૃહ વિભાગની તા.૧૫/૦૬/૨૦૧૭ના ઠરાવથી ૨૦% લેખે ખાસ પગાર મંજુર કરવામાં આવેલ હતો. એન્કાઉન્ટરના કેસોની તપાસની કામગીરી પૂર્ણ થયેલ છે. સુપ્રિમકોર્ટમાં તપાસ અહેવાલ રજુ થઇ ગયેલ છે. આથી એન્કાઉન્ટરની તપાસમાં સંકળાયેલ અધિકારીઓ/કર્મચારીઓને ચુકવવામાં આવતો ૨૦%ના દરે ખાસ પગાર તા.૦૧/૦૫/૨૦૧૮થી બંધ કરવામાં આવે છે.

(૫) Monitoring Authority દ્વારા એન્કાઉન્ટરના કેસોની તપાસ થયેલ છે, તેને લગતા તમામ સાધનિક કાગળો ગૃહ વિભાગ હસ્તક રાખવાના રહેશે. જ્યારે એન્કાઉન્ટરને લગતાં કેટલાક કાગળો તપાસ અધિકારી દ્વારા સંબંધિત પોલીસ સ્ટેશન પાસેથી મેળવવામાં આવેલ હતા અને સંબંધિત પોલીસ સ્ટેશનોએ આ ગુનાઓની તપાસના કાગળો સંબંધિત કોર્ટોમાંથી મેળવેલ હતા. આથી, સંબંધિત કોર્ટોમાંથી મેળવેલ કાગળો જે તે કોર્ટને પરત કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશનોને મોકલી આપવા એસ.ટી.એફ.ને જણાવવામાં આવે છે.

(૬) Monitoring Authorityના મહેકમ પરના કર્મચારી/અધિકારીઓને તેઓની મૂળ કચેરી/સંવર્ગમાં પરત મોકલી આપવાના રહે છે. આથી, આ બાબતે ઘટતી કાર્યવાહી પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે કરવાની રહેશે.

(૭) બંન્ને Monitoring Authorityની કચેરીના મકાન, માર્ગ અને મકાન વિભાગને પરત કરવાના રહેશે. બંન્ને કચેરીના ફર્નિચર, કોમ્પ્યુટર, વૉટર કુલર, એ.સી, વાહનો, ફ્રીઝ વગેરે જંગમ મિલકતો જે કચેરી પાસેથી મેળવવામાં આવેલ હોય તે સંબંધિત કચેરીને પરત કરવાના રહેશે. બાકી રહેતી વસ્તુઓ/સામગ્રી ગૃહ વિભાગમાં પરત કરવાની રહેશે. આ બાબતમાં ઘટતી કાર્યવાહી નાયબ પોલીસ અધિક્ષક અને સભ્ય એસ.ટી.એફ. ગાંધીનગર/પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરે કરવાની રહેશે.

(૮) Monitoring Authority/STFની કામગીરી માટે નિવૃત્ત ૪(ચાર) નાયબ પોલીસ અધિક્ષક સર્વશ્રી (૧) કે.એસ.સવાણી (૨) સી.એમ.રાજપૂત (૩) એ.એમ.પટેલ અને (૪) બી.સી.સોલંકીને કરાર આધારીત ધોરણે નિમવામાં આવેલ છે. આ ચારેય અધિકારીઓની મુદત તા.૩૦/૦૬/૨૦૧૮ના રોજ પૂર્ણ થનાર છે. આથી આ ચારેય અધિકારીઓને ઉપર દર્શાવેલ કામગીરી માટે તા.૩૦/૦૬/૨૦૧૮ સુધીની મુદત સુધી ફરજ પર યથાવત રાખવામાં આવે છે.

TRUE COPY

Dy. Supdt. of Police
Prevention of Atrocities on SC/ST &
Weaker Section.
Gujarat State, Gandhinagar.

TRUE COPY

Dy. Supdt. of Police
Prevention of Atrocities on SC/ST &
Weaker Section.
Gujarat State, Gandhinagar.

ગુજરાત રાજ્યપાલના હુકમથી અને તેમના નામે

(પંકજ દવે)
ઉપ સચિવ(કા.વ્ય)
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના:-

- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- માન.મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગાંધીનગર રેન્જ, ગાંધીનગર.
- નાયબ પોલીસ અધિક્ષક અને સભ્ય, એસ.ટી.એફ., બંગલા નંબરે-૨૦૧/૧ અને ૨૦૧/૨, ગ-૧ ટાઇપ, સેક્ટર નંબર- ૩૦, ગાંધીનગર
- શ્રી કે.એસ.સવાણી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી(નિવૃત્ત)
- શ્રી સી.એમ.રાજપૂત, નાયબ પોલીસ અધિક્ષકશ્રી(નિવૃત્ત)
- શ્રી એ.એમ.પટેલ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી(નિવૃત્ત)
- શ્રી બી.સી.સોલંકી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી(નિવૃત્ત)
- પગાર અને હિસાબી, અધિકારીશ્રી, ગાંધીનગર
- મુકામી તપાસણી અધિઆરીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ.

~~TRUE COPY~~

જાવક નં. જી-૨/૯૯૨૭/મા.અ/એન્કા તપાસ ટીમ/જીએ/૨૦૧૮.
પોલીસ મહાનિર્દેશક અને
મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
સેક્ટર નં-૧૮, પોલીસ ભવન, ગાંધીનગર
તા. ૬-૬-૨૦૧૮

Dy. Supdt. of Police
Prevention of Atrocities on SC/ST &
Weaker Section.
Gujarat State, Gandhinagar.

નકલ રવાના માહિતી તથા જરૂરી કાર્યવાહી સારૂં

TRUE COPY

(આર.એ.ચૌધરી)

Dy. Supdt. of Police
Prevention of Atrocities on SC/ST &
Weaker Section.
Gujarat State, Gandhinagar.

પ્રતિ,
કચેરી અધિક્ષકશ્રી, ક-૨ શાખા/ખ-શાખા, આઈ.બી.?
...ફાઇલ કરી, ઈ-શાખા, ...